# ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.

રજીસ્ટર્ડ ઓફિસ : વિજયનગર ચાર રસ્તા, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

## [સેઈફ ડીપોઝીટ વો-ટ ( લોકર) નો ભાડાનો કરાર]

તાઃ....../....../...............

આ, એક તરફે ધી કચ્છ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેન્ક લી., જેને હવે પછી આ કરારમાં (ભાડે આપનાર) બેન્ક તરીકે ઓળખવામાં આવશે તે અને બીજી તરફે(૧)શ્રી/શ્રીમતી...............................................................
(૨) શ્રી / શ્રીમતી ...................................................................................
(૩)શ્રી/શ્રીમતી.....................................................જેને હવે પછી ભાડુત/ ભાડુઆતો તરીકે ઓળખવામાં આવશે. તે બન્ને વચ્ચે નીચે પ્રમાણેનો ભાડાનો કરાર કરવામાં આવે છે.

ભાડે આપનાર બેન્ક તરફથી અમોને ફાળવેલ સેઈફ ડીપોઝીટ વોલ્ટ(લોકર) ખાનાનો વહીવટ અમો પૈકી કોઈપણ.................................................................................................... અગર હૈયાત હોય તો તે કરશે.

મેં/અમોએ ભાડુતે/ ભાડુઆતોએ આ લેખની પાછળ છપાયેલી શરતો તેમજ બેન્ક દવારા જે શરતો નિયમો અમલ માં મુકેલ છે. કે ભવિષ્યમાં મુકશે તેનો સ્વીકાર કરેલ છે, અને તે રૂએ ............................................ .ની મુદત માટે રૂા.............................. ના વાર્ષિક ભાડાથી બેન્કના સેઈફ ડીપોઝીટ વોલ્ટ (લોકર) ના ખાનાઓમાંથી ખાના નંબરઃ ........................વાળું લોકર અગાઉથી ભાડુ આપીને ભાડે રાખેલ છે. સદરહુ ભાડાની પહોંચ આથી બેન્ક સ્વીકારે છે. હું / અમો ભાડુત/ભાડુઆતો ભાડાની મુદત પુરી થયે ખાનું (લોકર) બેન્કને ખાલી કરી આપીશ/ આપીશું. અને જો વધારે મુદત માટે લોકર(ખાનું) ભાડે રાખવું હશે તો બેન્કના નિતિનિયમો અનુસાર અગાઉથી જાણકરીશ/કરીશું. અને જયાં સુધી અગાઉથી ભાડાની રકમ ભરતો રહું/રહીએ ત્યાં સુધી આ કરાર બેન્કના નિતિનિયમો અને શરતોને આધીન ચાલુ રહેશે.

બેન્કના સંચાલક મંડળ દવારા ભારતીય રીઝર્વ બેન્કની માર્ગદર્શિકા મુજબ ઘડેલી પોલીસી/નિતિ નિયમો/ શરતો મેં/અમોએ વાંચેલ છે અને સમજેલ છે. જે તમામ અમોને, અમારા વંશવારસોને, સંચાલકોને વગેરે તમામ ને કબુલ અને બંધનકર્તા રહેશે. આ કરારની તમામ વિગતો સમજી/સોચી, પૂર્ણ હોશોહવાશમાં, બિનકેફે, શુધ્ધચિતે, નીચે મુજબના સાક્ષીઓની હાજરીમાં સહીઓ/ શાખું કરેલ છે.

ધી કચ્છ ડી.સે.કો–ઓપ.બેન્ક લી., વતી,

(૧).......................................................................

(૨).......................................................................

મેનેજર/ઓફિસર

(૩).......................................................................

(ભાડુત/ભાડુઆતોની સહી)

તારીખઃ...................................

સ્થળઃ ...................................

(૧) સાક્ષી નું નામ/ સરનામું

(૨) સાક્ષી નું નામ/ સરનામું

(૧).......................................................................

(૨).......................................................................

(સાક્ષીઓની સહી)

# ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.

રજીસ્ટર્ડ ઓફિસ : વિજયનગર ચાર રસ્તા, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

## સેઈફ ડીપોઝીટ વો-ટ(લોકર) ના ખાના ભાડે આપવા માટેના નિયમો

૧. આ સબંધી બીજી નોટીશ વોલ્ટના બોર્ડ ઉપર ચોંટાડવામાં ન આવે ત્યાં સુધી ખાનું (લોકર) બેંકીંગ સમય દરમ્યાન જ ખોલી શકાશે. આર.બી.આઈ. ગાઈડલાઈન્સ મુજબ દિવસ દરમ્યાન ભાડે રાખનાર ગ્રાહક ગમે તેટલી વાર વ્યવહાર કરી શકશે. પરંતુ તે તમામ વખતે બેન્કે નિયત કરેલ રજીસ્ટરમાં સમય અને તારીખ સાથે નોંધ કરી સહી કરવાની રહેશે.

૨. કોઈપણ શખ્સ(વ્યકિત)ને ખાનું ભાડે નહીં આપવાનો બેન્કને અધિકાર રહેશે. બેન્ક અને ખાનું ભાડે રાખનાર વચ્ચે પરસ્પર સબંધ "માલીક" અને " ભાડુત" તરીકે નો રહેશે, પણ બેન્કર અને કસ્ટમર નો કે બેઈલી તથા બેઈલરનો સબંધ રહેશે નહીં.

૩. લોકર ભાડે રાખવાની અરજી બેન્કે નકકી કરેલા ફોર્મમાં કરવી પડશે. બેન્કના અધિકાર પામેલા અમલદારે મંજુર કર્યા બાદ નકકી કર્યા મુજબનું ભાડું અગાઉથી બેન્કને ભર્યા પછી ખાનું મેળવવાનો ભાડુતને અધિકાર પ્રાપ્ત થશે. ભાડાના કરારની મુદત જે દિવસે પુરી થાય તે દિવસે બપોરે બાર વાગ્યા સુધીમાં ખાનું ખાલી કરી ખાના સહિત ચાવી બેન્કને સોંપવી પડશે. તેમ કરવામાં ભાડુત કસુર કરશે તો તેવી કસુરની તારીખથી ખાનું બેન્કને પાછું સોંપાય ત્યાં સુધી ભાડા કરાર અમલ માં રહેલો ગણાશે. પરંતુ તેથી બેન્કના બીજા હકકોને કશો વાંધો આવશે નહીં. જો ભાડુત વખતસર ભાડું નહીં આપે અગર કરારની કોઈપણ શરતોમાં ભંગ કરશે તો ભાડાનો કરાર રદ કરવાનો બેન્કને અધિકાર રહેશે.

૪. કોઈપણ ભાડુતને અગાઉથી સાત દિવસની નોટીશ આપી વ્યાજબી કારણ હશે તો ખાનું ખાલી કરાવવાનો બેન્કને અધિકાર રહેશે. અને નોટીશ મળ્યા પછી તેમાં જણાવેલ વખત દરમ્યાન ભાડુત ખાનું ખાલી નહીં કરે તો ભાડુતના જોખમે અને ખર્ચે બેન્ક ખાનું તોડાવી ખાલી કરાવી શકશે. વળી આવી નોટીશ આપ્યા છતાં ખાનું ખાલી નહીં કરે તો કસુરની તારીખથી તે અંગેના ખર્ચ ઉપરાંત બેવડું ભાડું લેવાનો બેન્કને હકક રહેશે.

૫. ભાડુતે કોઈપણ ખાનુ(લોકર) અગર તેનો ભાગ કોઈને પણ એસાઈન કરવો નહીં તેમજ ભાડે કે પેટાભાડે આપવો નહી તેમજ ખાનાના ઝવેરાત, દાગીના,લગડી,દસ્તાવેજો, કિંમતી કાગળો સિવાય બીજી કોઈપણ વસ્તુઓ રાખવા તેનો ઉપયોગ કરવો નહીં. એકાએક ફૂટે કે સળગી ઉઠે અગર બીજી રીતે નુકશાન કરે એવા કોઈપણ પદાર્થો અગર ચીજો ખાના(લોકર) માં રાખવી નહીં, આ નિયમોનું ઉલ્લંઘન થશે અને તેને લીધે વોલ્ટમાં કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની જવાબદારી કસુરવાનને શિરે રહેશે.

૬. લોકર(ખાનું) ભાડે રાખવાના કરાર થયા બાદ લોકર(ખાના)ની ચાવી ભાડુતને આપવામાં આવશે,ઉપરાંત ખાનાનો નંબર બેન્ક તરફથી ભાડુતને આપવામાં આવશે જેની ગુપ્તતા જાહેર થવાથી કંઈપણ નુકશાન થશે તો તે માટે બેન્ક જવાબદાર રહેશે નહીં, લોકર(ખાનું) ભાડે રાખનારના નામ તે માટે અધિકૃત થયેલા શખ્સો સિવાય કોઈને જણાવવામાં આવશે નહીં તથા તેનો ભરમ બહાર પાડવામાં આવશે નહીં.

૭. લોકર(ખાના)ની અંદર મુકાયેલી વસ્તુઓ માટે બેન્ક જવાબદાર રહેશે નહીં.

૮. ભાડુતને સોંપવામાં આવેલ ચાવી તેણે સાચવીને રાખવાની રહેશે, અને ચાવી બીજા કોઈને સોંપવી નહીં. ચાવી ગુમ થયેથી ભાડુતે તરત જ તેની ખબર બેન્કને કરવાની રહેશે. આવી ખબર મળ્યેથી તેની નોંધ લેવામાં આવશે પરંતુ કોઈ વખત તેનું દુર્લક્ષ થઈ જશે તો તેને માટે બેન્ક જવાબદાર રહેશે નહીં. ચાવી ગુમ થવાના કીસ્સામાં, કે અન્ય કોઈ રીતે લોકર ના લોકને નુકશાન થવાના કીસ્સામાં જયારે ખાનું તોડવું પડે કે રીપેર કરાવવું પડે, નવી ચાવી બનાવવી પડે ત્યારે કંપનીના માન્ય કારીગર કે બેન્ક દ્વારા પોતે નકકી કરેલા કારીગર ને કામ સોંપવામાં આવશે જેમાં ભાડુતનો વાંધો ચાલશે નહીં, આવી કાર્યવાહી બેન્કના અધિકારી તેમજ ભાડુત બન્ને ની હાજરીમાં કરવામાં આવશે તેમજ આ અંગે થયેલ ખર્ચ તમામ ભાડુતને ભોગવવાનું રહેશે. ભાડુતના કોઈપણ કૃત્યથી ખાનાને અગર બેન્કની બીજી કોઈપણ મિલકતને નુકશાન થશે તો તે માટે ભાડુત બેન્કને જવાબદાર રહેશે અને તેવી નુકશાની ભાડુત પાસેથી બેન્ક વસુલ કરશે.

...૨...

૯: ભાડાના કરારની મુદત પુરી થવાની હોય તે પહેલાં સાત દિવસ અગાઉ ખાનું ખાલી કરવાના પોતાના ઈરાદા ની લેખિતમાં જાણ ભાડુતે બેન્કને કરવાની રહેશે. તેમ કરવામાં ભાડુત જો કસુર કરશે તો તે ભાડુત લોકર કરારની વિગતે વધુ તેટલી જ મુદત માટે ભાડે રાખવાનું કબુલ કરેલ છે એમ ગણવામાં આવશે, અને તે બદલની તમામ જવાબદારીઓ ભાડુતે સ્વીકારેલી ગણવામાં આવશે. અને ભાડા કરાર ચાલુ રહેલો ગણવામાં આવશે. અને ભાડુત સમયસર અગાઉથી ભાડાની રકમ ભરપાઈ કરી આપવા જવાબદાર રહેશે. ભાડાની મુદત પુરી થયા અગાઉ ૧૫ (પંદર )દિવસ પહેલાં ભાડુતને બેન્ક તે બાબતની લેખિતમાં તેણે આપેલ સરનામા પર જાણ કરશે. લોકર(ખાનું) ભાડે રાખનાર જો તેનું ભાડું સમયસર અગાઉથી ન ચુકવે તો બેન્ક તેને લોકર(ખાના)નો ઉપયોગ કરતા અટકાવી શકશે અને તે સબંધી કોઈ તકરાર ચાલશે નહીં. ચડત થઈ ગયેલ ભાડાનીરકમ બેન્ક કાયદેસરની કાર્યવાહી દવારા ભાડુતની હરેક પ્રકારની મિલ્કતો માંથી/ સીકયોરીટી પેટે રાખેલ થાપણમાંથી વસુલવાનો અધિકાર અબાધીત રાખે છે. લોકર(ખાનું) ભાડે રાખનારને ખાના પર માલીકી હકક રહેશે નહીં, પરંતુ આ નિયમોને આધીન રહી ભાડાની મુદત દરમ્યાન વપરાશ પુરતો જ અધિકાર રહેશે.

૧૦. જયારે કોઈપણ સંજોગોમાં ભાડુતને લોકર (ખાનું) તોડાવી વસ્તુ બહાર કાઢવાનો પ્રસંગ આવે ત્યારે જો ભાડુત પોતે હાજર રહી વસ્તુઓ સ્વીકારે નહીં, તેવા સમયે લોકર(ખાના)માંથી બહાર કાઢેલ વસ્તુઓ બેન્ક ભાડુઆતના ખરચે અને જોખમે પોસ્ટ પાર્સલથી અગર બીજી કોઈ રીતે ભાડુતને મોકલી આપશે અથવ બેન્કને યોગ્ય લાગશે તો બેન્ક તે વસ્તુઓ પોતાની પાસે ભાડુતના ખરચે અને જોખમે રાખશે. પરંતુ તેમ કરતા પહેલા બેન્કની તમામ લેણી રકમ બેન્ક તેમાંથી વસુલ કરી શકશે.

૧૧. લોકર(ખાના) ના વ્યવહાર અંગે ભાડુત પાસેથી બેન્કની કંઈ પણ લેણી રકમ નીકળે તે રકમ ભરપાઈ કરવામાં ભાડુત કસુર કરે તો ખાનામાં મુકેલી વસ્તુઓ ઉપર બેન્કનો પ્રથમ હકક(ફર્સ્ટ ચાર્જ)રહેશે. અને તેવી મિલ્કતોમાંથી બેન્ક પોતાનું લેણું વસુલ કરી શકશે અને તેમ કરવા માટે ભાડુતને ખબર આપી સદરહુ મિલ્કતો બેન્ક વેંચી પણ શકશે. જો તેમાંથી બેન્કનું લેણું વસુલ થશે નહીં તો ભાડુતની બીજી મિલ્કતમાંથી પણ વસુલ કરવાનો બેન્કને હકક રહેશે.

૧૨. લોકર(ખાના) ના વ્યવહાર અંગે ભાડુતે ખાનું ભાડે રાખતી વખતે જે સરનામું નોંધાવ્યું હશે તે સરનામે બેન્ક તમામ જાતનો પત્ર વ્યવહાર કરશે. સરનામું ફેરવવા બદલ બેન્કમાં નોંધ કરાવી હશે તો જ બેન્ક નવા સરનામે પત્રવ્યવહાર કરશે. ભાડુતે આપેલ સરનામા પર મોકલવામાં આવેલ ખબર તેઓને મળી ગયા બરાબર માની લેવામાં આવશે. અને તે મુજબ ભાડુતને બંધનકર્તા ગણાશે.

૧૩. લોકર(ખાનું) ભાડે રાખનાર જ પોતાના ખાનાનો વપરાશ કરી શકશે. જો એક કરતા વધારે શખ્સના નામ ઉપર લોકર(ખાનું) ભાડે રાખવામાં આવેલ હશે તો તેઓ પૈકી કોઈપણ પોતાના ખાનાનો વપરાશ કરી શકશે. જો તેઓ પૈકી કોઈપણ ગુજરી જાય તો જે હૈયાત હશે તે ખાનાનો વહીવટ કરી શકશે. વળી, ભાડુત અગર ભાડુતો તરફથી જે શખ્સને કાયદેસરનું મુખત્યારનામું અપાયું હોય તો તે મુખત્યારનામું બેન્કે મંજુર રાખ્યું હોય તો ત્યારબાદ તેવો શખ્સ ખાનાનો વહીવટ કરી શકશે. ખાનું ભાડે રાખનાર શખ્સ અગર શખ્સો પોતાની હયાતી બાદ ખાનાનો વહીવટ કરવા વારસપત્રક ભરીને બેન્કમાં વારસનું નામ નોંધાવી શકશે. તે પ્રકારે નીમાયેલા વારસ ખાનાનો વહીવટ ભાડાના કરારોની બાકી રહેલ મુદત માટે કરી શકશે. જો વારસ નિમાયેલ ના હોય ત્યારે મરનારના કાયદેસરના વારસ અથવા વારસો બેન્ક જેનો સ્વીકાર કરે તે ખાનાનો વહીવટ કરી શકશે. કોઈપણ ભાડુતના મરણ બાદ તેના વારસને ખાનાનો વહીવટ કરવાની બેન્ક રજા આપે તે પહેલા તેની પાસે યોગ્ય લાગે તેવી બાંહેધરી માંગી શકશે. વારસ સગીર હશે તો તેના વાલી ને ખાનાનો કબ્જો સોંપવામાં આવશે.( અહીં વાલી શબ્દમાં બાપ નો યા તેના અભાવે મા નો અથવા બન્નેના અભાવે કોઈ નજીકના હિતકારી સગાનો તેમજ જે વ્યકિત વસીયતનામાથી અગર કોઈ ખતની રૂએ અથવા તો આ રાજયના ચાલુ કાયદા પ્રમાણે વાલી તરીકે મુકરર થયો હોય તેનો સમાવેશ થાય છે.)

પરંતુ, સદરહુ ખાના પર એક થી વધારે શખ્સો પોતાનો હકક જણાવે તો અને તેઓમાં વાંધો તકરાર હોય તો જે હકકદાર પોતાનો હકક કોર્ટ મારફત સાબીત કરશે તેને ખાનાનો કબ્જો સોંપવામાં આવશે.

બેન્કે સ્વીકારેલ વારસ ખાનાનો વહીવટ કરે ત્યારથી બેન્ક મરહુમના બીજા કોઈપણ વાલી, વારસ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ કે એસાઈનીઓની કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ભાડાના કરારની જે શરતો ભાડુતે કબુલ રાખી હોય તે તમામ તેનું મુખત્યારનામું આપેલ શખ્સને, વાલી, વારસ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ કે એસાઈનીઓને પણ બંધનકર્તા રહેશે.

# ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.

**રજીસ્ટર્ડ ઓફિસ : વિજયનગર ચાર રસ્તા, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.**

૧૪. કોઈપણ રજીસ્ટર્ડ સંસ્થાને લોકર(ખાનું) ભાડે રાખવું હશે તો તેના તરફથી કાયદેસર જેને અધિકાર હશે તે શખ્સ અગર શખ્સો ખાનાનો વહીવટ સંસ્થા વતી કરી શકશે. તેવા શખ્સ અગર શખ્સોની હયાતીમાં અગર હયાતી બાદ બીજા જે શખ્સ અગર શખ્સોની સંસ્થાએ કાયદેસર નવી નિમણુંક કરી હશે તો ત્યારબાદ નવા નિમાયેલ શખ્સ અગર શખ્સો ખાનાનો વહીવટ કરી શકશે. નવી નિમણુંક નહીં થાય કે તેની જાણ બેન્કને કરવામાં આવેલ નહીં હોય અને તેમાં કઈ નુકશાન થાય તો તે માટે બેન્ક જવાબદાર રહેશે નહીં.

૧૫: કોઈ અસાધારણ સંજોગોમાં ખાના ભાડે આપવાનું કામકાજ મોકુફ રાખવાની અગર બંધ કરવાની, તેમજ વોલ્ટ ખોલવા અગર બંધ કરવાના સમયમાં ફેરફાર કરવાની બેન્કને સતા રહેશે.

૧૬: લોકર(ખાના)ના વ્યવહાર અંગે બેન્ક અને ભાડુત વચ્ચે કંઈપણ તકરાર પડશે તો તેનો નિર્ણય બેન્ને પક્ષે સ્વીકારેલા લવાદ મારફત કરવામાં આવશે અને લવાદનો ફેંસલો બન્ને ને બંધનકર્તા રહેશે.

૧૭: લોકર ભાડે મેળવતી વખતે બેન્કના નિયત અરજી પત્રક સાથે અરજદારે કે.વાય.સી. ના ધારાધોરણો મુજબ બે પાસપોર્ટસાઈઝ ના ફોટા, ફોટો આઈ.ડી( ચુંટણીકાર્ડ/ પાનકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી એક), રેસીડેન્ટ આઈ.ડી.( રેશન કાર્ડ,/ ચુંટણીકાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સ પૈકી એક) રજુ કરી કે.વાય.સી.ના નિયત માહિતી પત્રકમાં માહીતી પુરી પાડવાની રહેશે. અને બચત ખાતું ખોલાવવાનું રહેશે. બેન્કના સંચાલક મંડળ દ્વારા લોકર સબંધીત નિતિ મુજબ ભાડું તથા અન્ય ચાર્જીસ નીચે મુજબ રહેશે.

| લોકરનો પ્રકાર | એડવાન્સ ભાડું (વાર્ષિક) | સીક્યોરીટી ડીપોઝીટ (ભાડાના કરારની મુદત મુજબ) | સ્ટેશનરીચાર્જ (ત્રણ વર્ષે એક વાર) | નોમીનલ મેમ્બરશીપ ફી (એક વાર અરજી સાથે તથા દર વર્ષે ૧ વાર |
|---|---|---|---|---|
| નાની સાઈઝ | ૧૦૫૦ | ૧૦૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| મધ્યમ સાઈઝ | ૧૫૭૫ | ૨૦૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| મોટી સાઈઝ | ૩૫૭૫ | ૩૦૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |

૧૮: ઉપર મુજબની શરતો તથા વખતોવખત બેન્કનું સંચાલકમંડળ તેમાં જે સુધારા વધારા કરે તે તમામ ભાડુતને બંધનકર્તા રહેશે. સદરહુ શરતોમાં વખતોવખત ફેરફાર કરવાનો બેન્કને અધિકાર રહેશે.

ધી કચ્છ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.,

ઓફિસર

સ્થળ:...........................

તારીખ:.........................

ઉપરના તમામ નિયમો તેમજ વખતો વખત અમલમાં હોય તેવા નિયમો અમોને કબુલ મંજુર છે. અને તે નિયમો આ કરારના ભાગ રૂપે અમોને બંધનકર્તા છે તે બદલ આ નીચે અમોએ અમારી સહીઓ કરેલ છે.

ભાડુત/ભાડુઆતો ની સહી

(૧)..............................................................................

(૨)..............................................................................

(૩)..............................................................................

# ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.

રજીસ્ટર્ડ ઓફિસ : વિજયનગર ચાર રસ્તા, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

## સેઈફ ડીપોઝીટ વોલ્ટમાં ખાનું ભાડે રાખવાની અરજી

| |
|---|
| ખાનાનો વર્ગ : |
| લોકર નં. : |
| લોકર્સ એફ. ડી. રૂા. નં. |
| બચત ખાતા નં. |

તારીખ:...........................

પ્રતિશ્રી,
**ચીફ એકઝીકયુટીવ ઓફિસરશ્રી,**
**ધી કચ્છ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.,**
મુખ્ય કચેરી, વિજયનગર ચાર રસ્તા, હોસ્પીટલ રોડ,
ભુજ–કચ્છ.

વિનંતી કરવાની કે, આપના સેઈફ ડીપોઝીટ વોલ્ટમાં મારે / અમારે નીચે મુજબનું એક લોકર(ખાનું) ભાડે રાખવાનું છે. જે માટે એડવાન્સ ભાડુ આ સાથે રજુ કરું છું / કરીએ છીએ. તે સ્વીકારી સદરહુ મુજબનું લોકર(ખાનું) મને / અમોને ભાડે આપવા મહેરબાની કરશોજી. સેઈફ ડીપોઝીટ વોલ્ટ સબંધના નિયમો/શરતો થી હું/ અમો વાકેફ થયેલ છું/છીએ . અને તે પ્રમાણે વર્તવા હું/ અમો બંધાઈએ છીએ.

અરજદાર નું પુરૂ નામ : (૧) ...............................................................

(૨)...............................................................

(૩)...............................................................

| ક્રમ | રહેણાંકનું સરનામું | નોકરી/ધંધાનું સરનામું | ફોટોગ્રાફ |
|---|---|---|---|
| ૧ | ફોન નં.:......................મો. નં. ............................ | ફોન નં.:........................... | |
| ૨ | ફોન નં.:......................મો. નં. ............................ | ફોન નં.:........................... | |
| ૩ | ફોન નં.:......................મો. નં. ............................ | ફોન નં.:........................... | |

# ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.

રજીસ્ટર્ડ ઓફિસ : વિજયનગર ચાર રસ્તા, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

લોકર(ખાના) નો પ્રકારઃ................................ (૧).................................................................

મુદત : ....................................................... (૨).................................................................

ભાડાની રકમઃ ............................................... (૩).................................................................

ભાડું પુરૂં થવાની તારીખઃ................................ અરજદાર/અરજદારોની સહી

અરજદાર/અરજદારોની માંગણી મુજબ લોકર(ખાના) નંબર ................................ભાડે આપવું.

તાઃ.................................... સી.ઈ.ઓ/ આસી.મેનેજર/ઓફિસર

**સદરહુ લોકર (ખાનું) ભાડે રાખતા તેનો કબજો અને ચાવી આજરોજ અમોએ સંભાળી લીધેલ છે.**

(૧) ..........................................................................................

(૨) ..........................................................................................

(૩) ..........................................................................................

અરજદાર/અરજદારોની સહી

## The Kachchh District Central Co-operative Bank Ltd.

Vijaynagar Circle, Opp. Bhuj Eng. School, Hospital Road, Bhuj-Kutch.

Branch : ______________________

| Ref.M / L No. : | Locker No. : | Class of locker : | Key No. : | Pass word : |
|---|---|---|---|---|

| PARTY'S NAME/S | Specimen Signature/s |
|---|---|
| 1) ______________________ | ______________________ |
| 2) ______________________ | ______________________ |
| 3) ______________________ | ______________________ |
| 4) ______________________ | ______________________ |

| ADDRESS : Residence | Office | | | | |
|---|---|---|---|---|---|
| | | SPECIAL INSTRUCTIONS : (In case of Joint Accounts) | RENEWALS | | |
| | | | From | To | R.R.No. |
| 1) __________ | __________ | Access by No. ______ | | | |
| 2) __________ | __________ | | | | |
| 3) __________ | __________ | STANDING INSTRUCTIONS | | | |
| 4) __________ | __________ | Debit my S/B, C/A, A/c No. _____ | | | |
| Ph.: __________ | Ph.: __________ | On the date / renewal rent becomes due | | | |

BUSINESS OR PROFESSION : 1) ______________ 3) ______________
2) ______________ 4) ______________

| Locker No. | Jan : Feb : Mar : Apr : May : June : | 1 - 2 - 3 - 4 - 5 - 6 - 7 - 8 - 9 - 10 - 11 - 12 - 13 - 14 - 15 - |
|---|---|---|
| | July : Aug : Sep : Oct : Nov : Dec : | 16-17-18-19-20-21-22-23-24-25-26-27-28-29-30-31 |

ADMITTED

Authorised official **P.T.O.**

---

### PRIVATE & CONFIDENTIAL

Date : ______________

RECEIVED from THE KACHCHH DISTRICT CENTRAL CO-OPERATIVE BANK LTD., BHUJ Safe Deposit Vault ____________ Branch, a receipt for and vacant possession of Locker No. ____________ in their Safe Deposit Vault together with the key No. ____________ therefore. The said locker has been leased to the undersigned subject to the rules and regulations of the Bank in general and also subject to the conditions endorsed on the Memorandum of Letting of the said locker to all of which rules and regulations and conditions the undersigned hereby expressly agree/s.

My / Our pass word is ______________

Signature/s : ______________

### RELEASE

Contents of Locker No. ______________ in the THE KACHCHH DISTRICT CENTRAL CO-OPERATIVE BANK LTD. Safe Deposit Vault, ______________ Branch leased to me / us have been removed by me / us and the said locker with its key No. ______________ is hereby surrendered to the Bank as I / We do not wish to continue the lease hereafter. The Bank now stands entirely released of all liability in respect to the above said locker under the lease.

Signature/s : ______________
as per specimen ______________

Date : ______________